નવી બાબત વર્ષ : ૨૦૨૩-૨૪

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ આંગણવાડીમાં આવતા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે " સોફ્ટવેર બેઝડ કરિક્યુલમ કન્ટેન્ટ ડેવલપમેન્ટ " માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : WCDD/IMR/e-file/23/2023/0179/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

## વંચાણે લીધા:-

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીની દરખાસ્ત નં.ICDS/SBCD/e-file/257/2023/0122/ECCE (PSE), Dt.27/01/2023

## આમુખ:-

ડિઝિટલ ટેકનોલોજીનાં આ યુગમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં ટેકનોલોજી આધારિત અભ્યાસક્રમના અમલથી તમામ બાળકોને સમાન ગુણવત્તાયુકત પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થશે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે આકર્ષક અને રસપ્રદ શીખવાનું વાતાવરણ બાળકોની નોંધણી અને હાજરીમાં વધારો કરશે. આંગણવાડી કાર્યકરોને પ્રવૃત્તિઓ કરાવવામાં મદદ મળશે. બાળકો વધુ સક્રિય રીતે શીખશે અને તેમની શાળાની તૈયારીમાં વધારો થશે.

નેશનલ કરિક્યુલમ ફોર ફાઉન્ડેશનલ સ્ટેજ ૨૦૨૨ શીખવા શીખવવાનાં સાધનો અંગે ચેપ્ટર ૫ માં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ટેકનોલોજી બેઝડ શીખવા-શીખવવાના સાધનો પુરા પાડવા અંગે જણાવવામાં આવેલ છે. જેને ધ્યાને લેતાં આંગણવાડી કેન્દ્રોમાં પણ સોફ્ટવેર આધારિત અભ્યાસક્રમ તૈયાર કરાવવાનું વિચારેલ.

ઉકત વિગતે રાજય સરકારના ૧૦૦% બોજા હેઠળ "સોફ્ટવેર બેઝડ કરિક્યુલમ કન્ટેન્ટ ડેવલપમેન્ટ" માટે વર્ષ ૨૦૨૩-૨૪ બજેટ જોગવાઈમાં નવી બાબત તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## // ઠરાવ //

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ આંગણવાડીમાં આવતા બાળકો પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવી સર્વાંગી વિકાસ અને બાલવાટીકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે "સોફ્ટવેર બેઝડ કરિક્યુલમ કન્ટેન્ટ ડેવલપમેન્ટ" કરવાનું થાય છે. જે નિપુણ ભારતના અને NEP-2020 ના અભ્યાસક્રમ આધારિત રહેશે. આ સોફ્ટવેરમાં ઇમર્જિંગ ટેક્નોલોજી જેવી સુવિધાઓ રાખવાની રહેશે કે જે બાળકોને વધુ આકર્ષિત કરે. સદર અભ્યાસક્રમ આધારિત ઓડિયો/વિડિયો કન્ટેન્ટ ડેવલપ કરવાનું રહેશે. તૈયાર કરેલ સોફ્ટ કન્ટેન્ટ ને બાળક દીઠ મોનીટર કરી શકાય તેવું આંગણવાડી કાર્યકર થી માંડીને રાજ્ય સુધીના તમામ સંયોજક ઉપયોગ કરી શકે તેવું એક સોફ્ટવેર અને ડિજીટલ કાન્ટેન્ટ બનાવી તેની સાથે લિંક કરવાનું રહેશે તથા આ મુજબ અભ્યાસક્રમ વધુ રસપ્રદ થાય તેવી આનુસાંગીક વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે રૂ. ૩૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈમાંથી નીચે દર્શાવેલ વિગતો અને શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે
3. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
4. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.
5. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.
6. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે
7. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
8. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
9. નાણાં વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત કાળવવામાં

આવતી ગ્રાટની મર્યાદામા કરવાનો રહેશે.

11. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે
16. પ્રચલિત નીતિઓ અને માર્ગદર્શિકા મુજબ સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ સાથે પરામર્શ કરીને કાર્ય હાથ ધરવાનું રહેશે.
17. . સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
18. પ્રવર્તમાન નીતી- નિયમો અને માર્ગદર્શીકાઓ મુજબ સદર કામગીરી વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી વિભાગ ના સંકલનમાં રહીને કરવાની રહેશે.
19. આ ઠરાવનો અમલ તા: ૦૧/૦૪/૨૦૨૩ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : (૦૨) પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર : ૨૨ મિશન બલમ સુખમ આઇ.સી.ડી.એસ (૧૦૦% સ્ટેટ બર્ડન)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)
ઉપ સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર.

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.03
17:24:46 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign